આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૬ | ૧૬ જાન્યુઆરી, ૨૦૧૩, બુધવાર; પોષ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પીએનજી-સીએનજીમાં ભાવ વધારો

**ગાંધીનગરના પાઈપલાઈનથી ગેસ મેળવતા ગ્રાહકો પર રૂ. ૩.૩૨નો ભાવ વધારો ઝીંકાયો : રાજયના ૩.૯૦ લાખ ગ્રાહકોને ભાવ વધારાની સીધી અસર સીએનજી અને ઔદ્યોગિક વપરાશના ગેસના ભાવમાં પણ વધારો કરાયો**




ગાંધીનગર, તા.૧૫

કેન્દ્ર સરકાર દ્વારા ગેસનો વધુ પુરવઠો ન ફાળવવામાં આવતાં ડોમેસ્ટીક ગેસ નોન-કોમર્શીયલ ગેસ અને ઔદ્યોગિક વપરાશમાં લેવાતા ગેસના ભાવમાં વધારો કરવાનો નિર્ણય જી.એસ.પી.સી.એ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ડોમેસ્ટીક ગેસ વાપરતા ૪૦ હજાર ગ્રાહકોને હવે દર કયુબીક મીટરે રૂ. ૩.૩૨ વધુ ચુકવવા પડશે. હાલ આ દર કયુબીક મીટરે રૂ. ૨૧.૫૦ પૈસા હતા તે હવે વધીને ૨૪.૭૩ પૈસા કયુબીક મીટરના થશે.

જી.એસ.પી.સી.ના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડોમેસ્ટીક ગ્રાહકોની સંખ્યા ૩.૯૦ લાખ છે. ગાંધીનગર-અમદાવાદ રાજકોટ સહિતના શહેરોમાં પાઈપલાઈન દ્વારા ગૃહવપરાશ માટે ગેસ આપવામાં આવી રહ્યો છે.

જી.એસ.પી.સી. દ્વારા ડોમેસ્ટીક ગેસન ભાવમાં બીજીવાર વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે રૂ.૬નો વધારો ઝીંકવામાં આવ્યો હતો. આ વખતે વર્ષારંભે જ રૂ. ૩.૫૦નો આ ભાવ વધારો ઝીંકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ભાવ વધારાની અસર આજ મધરાતથી અમલી બનશે.

જી.એસ.પી.સી.ના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નોન કોમર્શીયલ ગ્રાહકોને અપાતા ગેસમાં રૂ. ૭નો વધારો કરવામાં આવ્યો છે તો ઔદ્યોગિક વપરાશકારોના ભાવમાં રૂ. ૨.૯૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. સી.એન.જી. ગેસના ભાવમાં પણ વધારો કરી હવે રૂ. ૫૬.૪૦ પૈસા લેવામાં આવશે જે વધારો પણ લગભગ રૂ. ત્રણને ત્રીસ પૈસા જેટલો છે.

| સેગમેન્ટ | નવો ભાવ તા. ૧૬-૧-૨૦૧૩થી લાગુ |
|---|---|
| પીએનજી (ઔદ્યોગિક) | રૂ. ૩૨.૧૦ પ્રતિ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર એસસીએમ (કરવેરા વગર) |
| પીએનજી (નોન કોમર્શિયલ) | રૂ. ૨૮.૦૦ પ્રતિ એસસીએમ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર (કરવેરા વગર) |
| પીએનજી (ડોમેસ્ટીક) | રૂ. ૨૧.૫૦ પ્રતિ એસસી સ્ટાન્ડર્ડ કયુબીક મીટર (કરવેરા વગર) |
| સીએનજી | રૂ. ૫૬.૯૦ પ્રતિ કિલોગ્રામ (કરવેરા સહીત) |

આ ભાવ વધારો કરવાની ફરજ કેન્દ્રની અન્યાયી નીતિને કારણે પડયો હોવાનું જી.એસ.પી.સી.ના સૂત્રોનું કહેવું છે.

રાજય સરકાર દ્વારા વારંવાર રજૂઆતો તથા જીએસપીસી ગેસ કંપની દ્વારા વિનંતીઓ કરવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા જીએસપીસી ગેસને સસ્તા ગેસનો સ્થાનિક (ડોમેસ્ટીક) પુરવઠો ફાળવવામાં આવ્યો નથી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની સામાન્ય સભા તોફાની બની

**સામાન્ય સભામાં સત્તાધારી પક્ષ બચાવમાં તો વિપક્ષ ભાજપ આક્રમક બની તુટી પડ્યો : ૧૨૦ આંગણવાડી કેન્દ્રોમાં રિપેરીંગની દરખાસ્ત તો ૧૧૯ માટે નવો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો છે : સ્વભંડોળમાંથી એક રૂપિયાનો પણ ખર્ચ સત્તાધારી પક્ષ કરી શક્યો નથી : જયેશ પટેલ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આજે વિપક્ષ ભાજપ દ્વારા હલ્લાબોલની રણનીતિ અપનાવતાં સત્તાધારી પક્ષ સંરક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયો હતો તેમજ વિપક્ષના આક્ષેપોને મુંગે મોઢે સહન કર્યા હતા.

ભાજપના શ્રી જયેશભાઈ પટેલે આજે સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી દરમ્યાન સત્તાધારી પક્ષ સ્વભંડોળમાંથી એક પણ રૂપિયાનો ખર્ચ કરવામાં નિષ્ફળ રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આ પ્રશ્નોત્તારીના કાળમાં જ આંગણવાડીઓના બાંધકામને લઈ વિપક્ષો સારી એવી ધડબડાટી બોલાવી હતી.

આજની સામાન્ય સભામાં પ્રશ્નોત્તરીનો એક કલાકનો સમય ભારે ઉત્તેજનાત્મક રહેવા પામ્યો હતો. જો કે ભાજપે સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાની એક પણ તક જતી કરી ન હતી. બાંધકામ સમિતિની ૧૭-૯-૨૦૧૨ની કાર્યવાહી નોંધી સામાન્ય સભાની બેઠકમાં નહિ દર્શાવાઈ હોવાને મુદ્દે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યપાલક ઈજનેરને ખખડાવ્યા હતા.

ભાજપના શકુંતલાબેન પટેલે આંગણવાડી કેન્દ્રોના મકાનના બાંધકામની પુનઃ ફાળવણી અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયુ હતું કે રાજ્ય સરકારે જિલ્લામાં ૧૧૪ મકાનો બનાવવાનો લક્ષ્યાંક આપ્યો છે. જે અગાઉ ૧૨૯ મકાનો બનાવવાનો હતો.

જે નવો લક્ષ્યાંક નિયત કરાયો છે તેમાં ગાંધીનગર- ૧ ઘટકમાં ૯, ગાંધીનગર-૨ ઘટકમાં ૧૭, દહેગામ-

## સામાન્ય સભામાં ચાર ધારાસભ્યોએ હાજરી આપી

ગાંધીનગર, તા.૧૫

વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્યસભામાં ચાર ધારાસભ્યોએ હાજરી આપી એક નવો ઈતિહાસ રચ્યો છે.

વિધાનસભાની પાંચ બેઠકો આ સામાન્ય ચૂંટણીમાં થઈ છે. આજની બેઠકમાં કલોલ વિધાનસભા બેઠક પર ચૂંટાયેલા શ્રી બળદેવજી ઠાકોર સિવાય ચારેય ધારાસભ્યો શ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોક પટેલ ઉપરાંત પંચાયતના સદસ્યમાં શ્રી ધારાસભ્ય બનેલા શ્રી અમીત ચૌધરી તથા નગરપાલિકાના પ્રમુખ તરીકે રાજીનામુ આપ્યા બાદ ધારાસભ્ય બનેલા શ્રીમતી કામિનીબેન રાઠોડ ઉપસ્થિત રહ્યા હતાં.

પંચાયતના સભ્યમાંશ્રી ધારાસભ્ય બનેલા શ્રી અમીતભાઈ ચૌધરી આજે તેમની ધારાસભ્ય

● અનુસંધાન પાન-૭ પર

## સાત સમિતિઓની પુનઃ રચના

**કારોબારી, ૨૦ મુદ્દા અમલીકરણ તેમજ મહિલા બાળ-કલ્યાણ સમિતિમાં ૩-૩ મહિલા સભ્યોનો સમાવેશ : કારોબારીમાં ૪ સભ્યોને પુનઃ તક અપાઈ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં સાત સમિતિઓની તેમજ શિક્ષણ સમિતિમાં બે સભ્યોની નિમણુંકને બહાલી આપવામાં આવી હતી.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સમિતિઓની પુનઃરચના સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં કારોબારી સમિતિ, બાંધકામ સમિતિ, અપીલ સમિતિ, ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ, ખેતવાડી, સહકાર સમિતિ, મહિલા અને બાળ કલ્યાણ સમિતિ તેમજ આરોગ્ય સમિતિનો સમાવેશ થાય છે.

કારોબારી સમિતિમાં ૪ સભ્યોની પુનઃ પસંદગી કરવામાં આવી છે જયારે પાંચ નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે. વિધાનસભાની ચૂંટણી પછી રાજીનામું ધરી દેનાર શ્રીમતી ઉષાબેન પટેલને કારોબારી સમિતિ તેમજ મહિલા અને બાળકલ્યાણ સમિતિમાં સ્થાન આપી મનાવી લેવામાં સ્થાનિક નેતાગીરીને સફળતા મળી છે.

કારોબારી સમિતિમાં શારદાબેન મકવાણા, ઉષાબેન પટેલ, આનંદીબેન બિહોલા, વિરેન્દ્રસિંહ વાઘેલા, અરવિંદસિંહ સોલંકી, રામાજી ઠાકોર, નટવરસિંહ રાઠોડ, સવધાનજી રાઠોડ અને વિજયસિંહ ચાવડાના નામની દરખાસ્ત શ્રી અમીત ચૌધરીએ કરી હતી. જેને ગાંભુસિંહે સમર્થન આપ્યું હતું.

આરોગ્ય સમિતિની રચના અંગે ગાભાજી ઠાકોરે દરખાસ્ત કરી હતી. જેમાં જયોત્સનાબેન પટેલ, સદેસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે.

આ પછી બાંધકામ સમિતિની રચના અંગેની દરખાસ્ત રજુ થઈ હતી. જેમાં હીનાબેન પટેલ, રમીલાબેન પટેલ, ગાભાજી ઠાકોર, રામાજી ઠાકોર, સદેસિંહ ઝાલાનો સમાવેશ થાય છે.

ઉત્પાદન અને સહકાર સમિતિની રચનામાં સવધાનજી રાઠોડ, અરવિંદસિંહ સોલંકી અને ગાભાજી ઠાકોરનો સમાવશ થાય છે. અપીલ સમિતિની પુનઃ રચના અંગે શ્રીમતિ હીના પટેલે દરખાસ્ત કરતાં શ્રીમતી મંગીબેન પટેલ, શ્રી અમીતભાઈ ચૌધરી, શ્રી અજીતસિંહ રાઠોડ અને ગાંભુસિંહ રાઠોડના નામ સૂચવ્યા હતાં.

૨૦ મુદ્દા અમલીકરણ સમિતિની પુનઃ રચના અંગે શારદાબેન મકવાણાએ દરખાસ્ત રજુ કરતાં શ્રીમતી ભીખીબેન બી. ઠાકોર, મંગીબેન પટેલ, શ્રી અજીતસિંહ રાઠોડ અને આનંદીબેન બિહોલાના નામ સૂચવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## અજીતસિંહ રાઠોડનું સમિતિના સભ્યપદેથી રાજીનામું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓની પુનઃ રચનામાં અસંતોષ થતાં અપીલ સમિતિ અને ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં નિમણુંક પામતાં જ અજીતસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડે સમિતિના સભ્યપદેથી રાજીનામુ આપી દેતાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

શ્રી અજીતસિંહ રાઠોડે તેમના આ રાજીનામાના પત્રમાં અંગત કારણોસર રાજીનામુ આપી રહ્યાનું દર્શાવી રાજીનામાનો પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરી દીધો છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ રાજીનામાની આગળની કાર્યવાહી માટે ના. જિ.વિ. અધિકારીને મોકલી આપ્યો છે.

શ્રી રાઠોડનો સંપર્ક કરતાં તેમણે પક્ષે કરેલા નિર્ણયથી નહિ પણ પોતે કાયદાના સ્નાતક નહિ હોવાને કારણે અપીલ સમિતિમાંથી અંગત કારણોસર રાજીનામુ આપ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

**લોક ડાયરો -૨૦૧૩**

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત લોક ડાયરામાં પધારવા જિલ્લા રાજપૂત તથા શ્રી રાજપૂત સમાજના દરેક આજીવન સભ્યશ્રીઓ તથા સમાજના દરેક ભાઈ-બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

તા. ૧૭-૦૧-૨૦૧૩ (સમય : બપોરે ૨.૦૦ થી ૭.૦૦ કલાકે)
સ્થળ : ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર

પ્રમુખશ્રી
નરેન્દ્રસિંહ જશુભા વાઘેલા (જેડી)
98793 00873

મહામંત્રીશ્રી
સૂર્યસિંહજી ડાભી (પેથાપુર)
98250 13756

